તેમણે ઉમેર્યુ હતું કે, વડોદરાના ઈતિહાસમાં ક્યારેય કોઈ સ્કૂલને એફઆરસી દ્વારા આટલો દંડ ફટકારવામાં આવ્યો નથી. અન્ય સ્કૂલો પણ જો નીતિ નિયમોનું પાલન નહીં કરે તો તેમની સામે પણ કાર્યવાહી થશે. સાથે-સાથે વાલીઓ પણ જાગૃત બને અને જો સ્કૂલ દ્વારા વધારે ફી લેવાતી હોય તો એફઆરસીનો સંપર્ક કરે. એફઆરસી અને સરકાર વાલીઓના હિતને ધ્યાનમાં રાખીને જ કામગીરી કરી રહી છે.

#### માર્ચ મહિનામાં ડીઇઓ દ્વારા રૂા. 3 લાખનો દંડ કરાયો હતો

વિબગ્યોર સ્કૂલના વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધીકારીને માર્ચ મહિનામાં ફરિયાદ કરાઈ હતી. જે ફરિયાદ બાદ ડીઈઓ દ્વારા તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. જે કમિટીની તપાસમાં પણ સ્કૂલ સંચાલકો દ્વારા યોગ્ય અને સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો. જે કમિટીના રિપોર્ટ બાદ માર્ચ મહિનામાં ડીઈઓ કચેરી દ્વારા સ્કૂલને રૂા. ૩ લાખ દંડ ફટકારામાં આવ્યો હતો. જેની પહેલા ૨૦૨૪માં પણ એફઆરસી દ્વારા વાલીઓ પાસેથી વધારે ફી લેવા બદલ સ્કૂલને રૂા. ૨ લાખ દંડ કરાયો હતો.

#### સુનાવણીમાં સંચાલકોએ જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા ન હતા

એફઆરસીના સભ્યોના જણાવ્યા પ્રમાણે સ્કૂલ સંચાલકો તેની સામે કોર્ટમાં ગયા છે. ઉપરાંત સ્કૂલે વચગાળાની ફી સામે વાંધો ઉઠાવ્યો હતો. એફઆરસીએ સ્કૂલને ફી નક્કી કરવાની સુનાવણી દરમિયાન હાજર રહેવા ત્રણ તક આપી હતી. જોકે સ્કૂલ સંચાલકોએ જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા નહોતા. હવે આગામી દિવસોમાં અમે સ્કૂલની અંતિમ ફી સ્કૂલના પ્રતિનધિ હાજર નહીં રહે તો પણ નક્કી કરી દઈશું.

#### એફઆરસી દ્વારા નક્કી કરાયા કરતાં વધારે ફી વસૂલી હતી

વિબગ્યોર સ્કૂલના વાલીઓના જણાવ્યા અનુસાર શાળા સંચાલકો દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં ધો ૧થી ૧૨ના વિદ્યાર્થીઓની રૂા. ૧.૫૦ લાખથી રૂા. ૨.૧૦ લાખ સુધી ફી લેવામાં આવી હતી. જેની સામે એફઆરસી દ્વારા શાળા સંચાલકોની અરજી બાદ ફી રૂા. ૮૫૦૦૦થી રૂા. ૧.૭૮ લાખ જ નક્કી કરાઈ હતી. તેમ છતાં શાળા સંચાલકો દ્વારા વાલીઓ પાસેથી વધારે ફી વસુલવામાં આવી હતી.

### ૪૮ વર્ષીય મહિલાને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ

# ભરૂચમાં અઢી વર્ષ બાદ કોરોનાની રિ-એન્ટ્રી, ૧ મહિલાનો રિપોર્ટ પોઝિટિવ

### વેજલપુરની મહિલાને ભરૂચ સિવિલના વિશેષ આઇસોલેશન વોર્ડમાં દાખલ કરાઈ

ભરૂચ, તા.૩૦

અઢી વર્ષ બાદ ભરૂચમાં કોરોનાએ ફરી દસ્તક દીધી છે. વેજલપુર વિસ્તારની ૪૮ વર્ષીય મહિલા કોવિડ પોઝિટિવ જણાતા ભરૂચ સિવિલ હોસ્પિટલના સ્પેશ્યલ કોરોનાં આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાઈ છે.

ભરૂચ જિલ્લા વહીવટી તંત્રમાં કોરોનાના પોઝિટિવ કેસની આલબેલને લઈ દોડધામ મચી ગઈ છે. મહિલાને સવારે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં બે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા બાદ રેપીડ એન્ટીજન ઈછ્ટેસ્ટ પોઝિટિવ આવ્યા બાદ ભરૂચ સિવિલ હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવી છે.



કોરોનાની દસ્તક વચ્ચે સિવિલ હોસ્પિટલમાં પહેલાથી જ ૨૦૦ બેડનો કોરોનાં આઈસોલેશન સ્પેશ્યલ વોર્ડ તબીબની તમામ ટીમ સાથે તહેનાત કરી દેવાયો છે. સિવિલમાં ૪ ઓક્સિજન પ્લાન્ટ સાથે ઓક્સિજન સિલિન્ડર, બાયપેપ અને વેન્ટિલેટર પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. તબીબી સ્ટાફ સાથે મેડિકલ અને પેરામેડિકલની ટીમ પણ તમામ દવાઓ અને જરૂરી સાવચેતીના પગલાં સાથે સજ્જ છે. હાલ તો મહિલાના RTPCR ટેસ્ટની સરકારી તંત્ર રાહ જોઈ રહ્યું છે.

### છેલ્લાં કેટલાંક દિવસથી ફિલ્ટરેશન પ્લાન્ટ ચલાવવામાં આવતો નથી

# કારેલીબાગ સ્વિમિંગ પુલમાં દુર્ગંધ મારતું ગંદુ પાણી આવતાં તરવૈયાઓનો હોબાળો

### ગંદા પાણીને કારણે ચામડીના રોગો થવાની પણ શક્યતાઓ



વડોદરા, તા. ૩૦

મહાનગરપાલિકા સંચાલિત કારેલીબાગ સ્વિમિંગ પુલ ખાતે મેન્ટેનન્સના અભાવે દુષિત દુર્ગંધ મારતું પાણી આવા સ્વિમરોએ ભારે હોબાળો મચાવ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી ફિલ્ટરેશન પ્લાન્ટ ચાલુ ન કરાતા આ સ્થિતિ સર્જાઈ હોવાનું સ્વીમર્સ જણાવી રહ્યા છે. આજે સવારે સ્વિમિંગ માટે આવેલા લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલ સ્વિમીંગ પૂલમાં કોર્પોરેશન દ્વારા યોગ્ય રીતે મેન્ટેનન્સ કરવામાં નહીં આવતા સ્વિમિંગ પૂલનું પાણી ગંદુ અને લીલા રંગનું થઈ ગયું છે જેને કારણે આજે સવારે સ્વિમિંગ કરવા આવનારા સભ્યોએ હોબાળો મચાવ્યો હતો. વડોદરા કોર્પોરેશન સંચાલિત કારેલીબાગ સ્વિમિંગ પૂલમાં છેલ્લા કેટલાક દિવસથી ફિલ્ટરેશન પ્લાન્ટ ચલાવવામાં આવતો નથી અને ઘણી વખત ચલાવવામાં આવે છે તો તેની કામગીરી સિક્યુરિટીને સોંપી છે તે માત્ર દસેક મિનિટ પૂરતો પ્લાન્ટ ચલાવીને બંધ કરી દેતા હોય છે. તેને કારણે સ્વિમિંગ પૂલનું યોગ્ય રીતે મેન્ટેનન્સ કરવામાં નહીં આવતા છેલ્લા કેટલાક દિવસથી પાણીમાં વાસ મારે છે એટલું જ નહીં ગંદુ પાણી લીલા રંગનું થઈ ગયું છે. જેને કારણે સ્વિમિંગ કરવા આવનારા લોકોને પરેશાની ભોગવવાનો વારો આવ્યો છે. ગંદા પાણીને કારણે ચામડીના રોગો થવાની પણ શક્યતાઓ રહેલી છે. આજે સવારે સ્વિમર્સ સભ્યો કારેલીબાગ સ્વિમિંગ પૂલ ખાતે પહોંચ્યા હતા ત્યારે પાણી લીલા રંગનું અને વાસ મારતું હોવાનું જણાયું હતું. જેને પગલે સભ્યોમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે. સભ્યોના જણાવ્યા પ્રમાણે ગંદા પાણીનો પ્રશ્ન અવારનવાર સર્જાય છે. અગાઉ અમે મ્યુનિસિપલ કમિશનરને ઈમેલ તથા અહિંયાના રજીસ્ટરમાં ફરિયાદ નોંધાવી છે. છતાં કોઈ પગલાં લેવામાં આવતા નથી. કંઈ પુછીએ તો કર્મચારી મેનેજર આવે ત્યારે ફરિયાદ કરજો અને મેનેજર ક્યારે હાજર હોતા નથી.

### કેન્દ્ર સરકારનો રજિસ્ટ્રેશન એક્ટ ૧૯૦૮માં સુધારો કરવા ડ્રાફ્ટ તૈયાર

# રજિસ્ટ્રેશન એક્ટમાં સુધારાથી દસ્તાવેજ નોંધણીમાં થતાં ફ્રોડ ઘટશે : બિલ્ડર હેમંત પટેલ

### રજિસ્ટ્રેશન એક્ટમાં સુધારો કરવા ગુજરાત મોડેલને ધ્યાને લેવામાં આવ્યું

વડોદરા, તા.૩૦

કેન્દ્ર સરકાર દ્વારા દેશના ૧૧૭ વર્ષ જૂના રજીસ્ટ્રેશન એક્ટ - ૧૯૦૮માં ફેરફાર કરવાની વિચારણા કરવામાં આવી છે. લગભગ આગામી જૂન મહિનામાં મળનાર ચોમાસુ સત્રમાં આ સુધારા બિલ રજૂ કરવામાં આવશે. જે પહેલા કેન્દ્ર સરકાર દ્વારા સુધારા બિલનો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે. જેના આધારે સ્ટેક હોલ્ડર્સ પાસે સૂચનો પણ મગાવવામાં આવ્યા છે. ત્યારે આ કાયદામાં સુધારાનો મુખ્ય હેતું જમીનના જુદા જુદા રજિસ્ટ્રેશનમાં થતાં ફ્રોડને અટકાવવાનો તેમજ પ્રક્રિયામાં વિશ્વસનીયતા અને પારદર્શીતા લાવવવાનો છે, તેમ ગુજરાત ક્રેડાઈના પૂર્વ પ્રમુખ હેમંત પટેલે જણાવ્યું હતું.

હેમંત પટેલે વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં કોર્ટમાં દસ્તાવેજ નોંધણી બાદ થતાં કેસોમાં સર્ટિફાઈડ કોપી જેમાં સહિ સીક્કા હોય તેમજ ટિકિટ લગાવેલી હોય છે. જેને જ માન્ય ગણવામાં આવે છે. પરંતુ આ કાયદો આવ્યા બાદ ડિઝિટલ ડોક્યુમેન્ટમાં બારકોડ આવશે, જેને પણ માન્યતા મળશે. ખાસ કરીને વાત કરીએ તો ગુજરાતમાં ઓનલાઈન પ્રક્રિયા વર્ષ ૨૦૧૨થી લાગુ કરવામાં આવી છે. પરંતુ તેને કાયદાનો સપોર્ટ ન હતો. હવે, જ્યારે ૧૯૦૮નો ૧૧૭ વર્ષ જૂનો કાયદો બદલાશે પછી ગુજરાતની સિસ્ટમને તેનો સપોર્ટ મળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતને દેશનું મોડલ સ્ટેટ કહેવામાં આવે છે, ત્યારે કેન્દ્ર સરકારના રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૦૮ના સુધારા બિલ પાછળ ગુજરાત મોડલને જ ધ્યાને રાખવામાં આવ્યું છે. વડોદરા અને ગુજરાતની વાત કરીએ તો દસ્તાવેજ સહિતના અન્ય રજિસ્ટ્રેશન સમયે ફિજિકલ કોપી આવ્યા બાદ તેમા પેજ બદલીને ફ્રોડ કરવામાં આવતા હોય છે. જેના કારણે કોર્ટના લેટિગેશન પણ વધતા હોય છે. જે કાયદામાં સુધારો થતાં ઘટી જશે, એટલું જ નહીં કાયદામાં સુધારા બાદ કેન્દ્ર સરકાર દ્વારા એવીડન્સ એક્ટમાં પણ સુધારા કરવામાં આવશે. જેથી ડિઝિટલ દસ્તાવેજ સહિતના અન્ય ડોક્યુમેન્ટ તેમજ દસ્તાવેજ નોંધાણી સમયે થતી વિડિયોગ્રાફી પણ માન્ય ગણવામાં આવશે.

### નવાપુરા વિસ્તારમાં રહેતા પુત્રના ઘરે આવ્યા હતા

# ચાર વર્ષની પૌત્રીના શારીરિક ચેડાં કરતાં ૭૬ વર્ષના દાદાની ધરપકડ

વડોદરા, તા. ૩૦

શહેરના નવાપુરા વિસ્તારમાં રહેતા પુત્રના ઘરે આવેલા વૃધ્ધે પોતાની ચાર વર્ષની સગી પૌત્રી સાથે શારીરિક ચેડાં કર્યા હોવાની નવાપુરા પોલીસ મથકમાં વૃધ્ધની પુત્રવધુએ ફરિયાદ નોંધાવી હતી જેના પગલે પોલીસે વૃધ્ધ દાદાની ધરપકડ કરી તેમને જેલભેગા કર્યા હતા.

નવાપુરા વિસ્તારમાં પરિવાર સાથે રહેતી મહિલાએ નવાપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે મારા ૭૬ વર્ષના સસરા વાડી વિસ્તારમાં રહે છે. ગઈ કાલે મારા સસરા અમારી ઘરે આવ્યા હતા તે સમયે હું અને મારી ચાર વર્ષની પુત્રી મકાનના નીચે આવેલા અમારા કુળદેવીના મંદિરમાં દર્શન કરવા માટે ગયા હતા. આ સમયે મારા સસરા પણ મંદિરમાં દર્શન કરવા માટે મકાનના નીચે આવ્યા હતા. હું મંદિરમાં પુજા કરતી હોઈ અને મારી પુત્રી મારી પાછળ ઉભી હતી તે સમયે મારા સસરાએ મારી ચાર વર્ષની પુત્રી સાથે શારીરિક ચેડાં કર્યા હતા.આ અંગે મારી પુત્રીએ મને જાણ કરતાં મે મારા પતિને સમગ્ર વિગતો જણાવી હતી જે બાદ હું મારા પતિ અને પુત્રી સાથે નવાપુરા પોલીસ મથકમાં ફરિયાદ કરવા માટે આવી છું. સગી પુત્રવધુએ તેના સસરા વિરુધ્ધ પૌત્રીની છેડતીની ફરિયાદ નોંધાવતા ચોંકી ઉઠેલી પોલીસે આક્ષેપિત સસરાની પોક્સો એક્ટ હેઠળ ધરપકડ કરી હતી અને તેમને કોર્ટમાં રજુ કરી જેલભેગા કર્યા હતા.

### પ્રમુખસ્વામી મહારાજના બીએપીએસ સંસ્થાના પ્રમુખ તરીકે નિમણૂકના ૭૫ વર્ષની આસ્થાભેર ઉજવણી





પ્રમુખસ્વામી મહારાજ (નારાયણ સ્વરૂપ દાસ)ને બીએપીએસ સંસ્થાના પ્રમુખ તરીકે નિમણૂકને ૭૫ વર્ષ પૂર્ણ થયાં છે, જે નિમિતે આજે વડોદરા શહેરના અટલાદરા સ્વામીનારાયણ મંદિરથી પ્રમુખસ્વામી મહારાજના ગામ ચાણસદ સુધી મોટી સંખ્યામાં હરિભક્તોએ પદયાત્રા કરી હતી અને ઉપરાંત પ્રમુખસ્વામી મહારાજને કેરીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

### ૪૫૦ મકાનોમાં રહેતા ૨૦૦૦ થી વધુ લોકો પાણીથી વંચિત,

# કાન્હા સિટીના રહીશોનો પાણીના મુદ્દે મોરચો

### ઓછા દબાણ સાથે પાણી આવતું હોવાની રજૂઆત, ૩ મહિનાથી વધુ સમયથી સમસ્યા

વડોદરા, તા. ૩૦

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં પાણીનો કકળાટ રોજિંદો બની ગયો છે. અનેક સોસાયટીઓમાં પૂરતા દબાણ સાથે પાણી ન આવતા રહીશો ત્રસ્ત થઈ ગયા છે. અનેકવિધ રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ આવતું નથી જેના કારણે રહીશોએ મોરચો માંડવો પડે છે. પૂર્વ વિસ્તારમાં આવેલી કાન્હા સિટીના રહીશોએ આજે પાણીના મુદ્દે કારેલીબાગ પાણીની ટાંકી ખાતે પાણી મુદ્દે રજૂઆત કરવા માટે મોરચો માંડ્યો હતો. વડોદરા શહેરના સત્તાધીશો લોકોને પીવાનું પૂરતું પાણી પૂરું પાડવામાં તદ્દન નિષ્ફળ નીવડયા છે. ખાસ કરીને પૂર્વ વિસ્તારમાં પાણીની સમસ્યા મોટી છે. આ વિસ્તારમાં અનેક સોસાયટીના રહીશો પાણીથી વંચિત છે. ઓછા દબાણ અને ઓછા સમય માટે પાણી આવતા લોકોએ પાણી ખરીદીને જ લેવું પડે છે. પૂર્વ વિસ્તારમાં આવેલી કાન્હા સિટીના રહીશો આજે પાણીના મુદ્દે રજૂઆત કરવા માટે કારેલીબાગ ટાંકી ખાતે પહોંચ્યા હતા. રહીશોએ જણાવ્યું હતું કે તેઓના વિસ્તારમાં ૪૫૦ જેટલા મકાનો છે જેમાં ૨૦૦૦ રહીશો રહે છે. છેલ્લા કેટલાય સમયથી તેઓને પૂરતા દબાણ સાથે પાણી મળતું નથી. આ અંગે રજૂઆત કરી છે છતાં કોઈ નિરાકરણ ન આવતા આજે તેઓ કારેલીબાગ ટાંકી ખાતે પહોંચ્યા હતા. રહીશોએ જણાવ્યું હતું કે આ અંગે અધિકારીને રજૂઆત કરતા તેઓએ એક મહિનામાં આ સમસ્યાનો નિવેડો આવશે તેવી બાંયધરી આપી છે. પરંતુ એક મહિના સુધી અમને પૂરતા ટેક્કર મળે તેવી વ્યવસ્થા કરવાની રજૂઆત કરી છે. સ્થાનિક મહિલાઓએ જણાવ્યું હતું કે ઘણા સમયથી આ સમસ્યાની રજુઆત કરી છે પરંતુ કોઈ નિરાકરણ આવ્યું નથી. ત્યારે પાણીના પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવે તેવી રજૂઆત કરી છે.



DICABS
ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ

31મી માર્ચ, 2025ના રોજ પૂરા થયેલાં ત્રિમાસિક અને
વર્ષાંત માટે ઓડિટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો ઉતારો

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) નિયમન, 2015 (''લિસ્ટિંગ રેગ્યુલેશન્સ'')ના નિયમન 33 સાથે અભિમુખતામાં ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ટર લિમિટેડ (''કંપની'') દ્વારા શુક્રવાર, મે 30, 2025ના રોજ તેમની બેઠકમાં 31મી માર્ચ, 2025ના પૂરા થયેલા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ માટે ઓડિટેડ નાણાકીય પરિણામો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) (''પરિણામો'') મંજૂર કર્યાં છે.

આ પરિણામો સાથે કંપનીના કાનૂની ઓડિટર્સ મેસર્સ નરેશ એન્ડ કં. ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ દ્વારા ઓડિટર્સ અહેવાલ (સ્ટેન્ટઅલોન અને કોન્સોલિડેટેડ) કંપનીની વેબસાઈટhttps://dicabs.com/investor/quarterly-results/ અને શેરબજારોની વેબસાઈટો, એટલે કે, અનુક્રમ www.nseindia.com અને www.bseindia.com પર ઉપલબ્ધ છે.

લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમન 47 સાથે અભિમુખતામાં અમે અત્રે સૂચિત કરવા માગીએ છીએ કે તે નિમ્નલિખિત ક્વિક રિસ્પોન્સ (ક્યુઆર) કોડ સ્કેન કરીને પણ પહોંચ મેળવી શકાશે:

ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ વતી
સહી/–
મહેશ્વર સાહુ
ચેરમેન અને સ્વતંત્ર ડાયરેક્ટર
DIN: 00034051

અમદાવાદ,
તારીખ: 30 મે, 2025

નોંધણીકૃત કાર્યાલયઃ ફેઝ II, ગામ વડાદલા, તાલુકો- સાવલી, વડોદરા-૩૯૧૫૨૦
ઈમેઈલ: cs@dicabs.com | www.dicabs.com | CIN: L31300GJ1992PLC018198

ભારતીય સેનાએ ખૂબ જ વીરતા અને અદમ્ય સાહસથી પાકિસ્તાનનાં તમામ બદઈરાદાઓને નાકામ અને નિષ્ફળ બનાવ્યા

# પાકિસ્તાને ગુજરાત સીમા પર ૬૦૦ ડ્રોન છોડ્યાં હતાં : અભિષેક પાઠક

## પહેલગામ હુમલા બાદ સૌથી વધુ ખતરો ગુજરાત પર હોવાથી ગુજરાતની સીમા પર સુરક્ષા વધારવામાં આવી : બીએસએફના આઇજી

ગાંધીનગર તા.૩૦

પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. ત્યાર બાદ ગુજરાતની સીમા પર પાકિસ્તાની સેના દ્વારા ૫૦૦ થી ૬૦૦ ડ્રોન દ્વારા હુમલા કરાયા હતા તેમજ ગુજરાત સરહદ નજીક પાકિસ્તાને ટેક્રો અને આર્ટિલરી સહિતનો સરંજામ ગોઠવ્યો હોવાનું સીમા સુરક્ષા દળ (બીએસએફ)ના આઈજી અભિષેક પાઠકે આજે ગાંધીનગર બીએસએફ મુખ્યાલય ખાતે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જોકે, ઈન્ટેલિજન્સ રિપોર્ટ મળ્યા બાદ બીએસએફ દ્વારા સર્વેલન્સ શરૂ કરી દેવાયું હતું તેમજ સરહદ પર સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે.




પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. જે અંગે સીમા સુરક્ષા દળ (બીએસએફ) ફ્રન્ટિયર ગુજરાતના આઈજી અભિષેક પાઠકે આજે ગાંધીનગર સ્થિત બીએસએફ મુખ્યાલય ખાતે પરિષદ યોજી હતી અને ઓપરેશન સિંદૂર અંગે માહિતી પત્રકારોને જણાવી હતી બીએસએફ ગુજરાત ફ્રન્ટિયરના આઈજી અભિષેક પાઠકે જણાવ્યું હતું કે, પહેલગામ આતંકી હુમલા બાદ તેના વળતાં જવાબમાં ભારત દ્વારા એરસ્ટ્રાઈક કરાઈ હતી. જે પછી પાકિસ્તાન દ્વારા ભારત પર ૫૦૦ થી ૬૦૦ જેટલા ડ્રોનથી હુમલો કર્યો હતો. આ ડ્રોન હુમલા પછી પાકિસ્તાને ગુજરાત સરહદ નજીક ટેક્ર અને આર્ટિલરી સહિતનો સરંજામ ખડકી દીધો હતો. જેના કારણે તે સમયે સૌથી વધુ ખતરો ગુજરાત સરહદ પર હતો તેમ પણ તેમણે જણાવ્યું હતું.

પાઠકે વધુમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાનના બદઈરાદાની ભારતને ગંધ આવી જતાં ભારતીય સેના અને અર્ધલશ્કરી દળો તમામ પ્રકારની સ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણ તૈયારી સાથે તૈયાર હતા. પહેલગામ હુમલા પછી ગુજરાત રાજ્યની સરહદ પર સુરક્ષા વધારી દેવાઈ છે. ઈન્ટેલિજન્સનો અહેવાલ મળ્યા પછી બીએસએફ દ્વારા સરહદ પર સર્વેલન્સ પણ શરુ કરી દીધું છે. સરહદ પર હાલ જવાનોની સંખ્યાને વધારી દેવામાં આવી છે. બીએસએફના જવાનો સરહદ પર ઉત્કૃષ્ટ કામગીરી કરી રહ્યા છે. બીએસએફ ભારતનું પ્રથમ હરોળનું સુરક્ષા દળ (ફર્સ્ટ લાઈન ઓફ ડિફેન્સ) છે. અભિષેક પાઠકે જણાવ્યું હતું કે, પહેલગામ આતંકી હુમલા પછી ગુજરાત સીમા પર પાકિસ્તાન દ્વારા મોટા પ્રમાણમાં ટેક્રો તથા આર્ટિલરી સહિતનો સરંજામ ગોઠવી દીધો હતો. આ અંગેનો ઈન્ટેલિજન્સનો અહેવાલ મળ્યા પછી બીએસએફ દ્વારા સર્વેલન્સ શરૂ કરી દેવામાં આવ્યું હતું. પાકિસ્તાન સામે વળતો પ્રહાર કરવા માટે ભારત દ્વારા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. સીમા પર બીએસએફ દ્વારા વધુમાં વધુ માત્રામાં સૈન્ય બળ ગોઠવી દેવામાં આવ્યું હતું. જેથી કોઈ પણ સ્થિતિ સામે ભારત મજબૂતાઈથી અને જડબાતોડ જવાબ આપી શકે. બીએસએફ આઈજી અભિષેક પાઠકે જણાવ્યું હતું કે, ભારતના 'ઓપરેશન સિંદૂર' પછી પાકિસ્તાને ભારત પર ૫૦૦ થી ૬૦૦ કરતા પણ વધુ ડ્રોનથી હુમલો કર્યો હતો. જેને સરહદ પર કાર્યરત બીએસએફના જવાનોએ જોરદાર સામનો કર્યો હતો અને પાકિસ્તાનના તમામ ડ્રોનને તોડી પાડીને તેનો નાશ કર્યો હતો. ભારતીય સેનાએ ખૂબ જ વીરતા અને અદમ્ય સાહસથી પાકિસ્તાનનાં તમામ બદઈરાદાઓને નાકામ અને નિષ્ફળ બનાવ્યા હતા. જો ભવિષ્યમાં પણ લડાઈ થાય તો ભારતના પ્રથમ હરોળના સુરક્ષા દળ એવું સીમા સુરક્ષા દળ (બીએસએફ) તમામ સ્થિતિને પહોંચી વળવા માટે સક્ષમ અને તૈયાર છે.


હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપની લિમિટેડ

(CIN: L11100GJ1996PLC029880)

રજિસ્ટર્ડ ઓફિસ: 'HOEC હાઉસ', તાંદલજા રોડ, વડોદરા-390 020, ગુજરાત (ભારત)
ચેન્નાઈ ઓફિસ: 'લક્ષ્મી ચેમ્બર્સ' 192, સેન્ટ મેરીઝ રોડ, અલવરપેટ, ચેન્નાઈ-600 018, તામિલનાડુ (ભારત)
ફોન: 044-66229000, ફેક્સ: 044-66229011/12
ઈ-મેલ: hoecshare@hoec.com વેબસાઈટ: www.hoec.com

**પોસ્ટલ બેલેટ નોટિસ અને ઈ-વોટિંગ માહિતી**

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૦૮, ૧૧૦ અને અન્ય લાગુ જોગવાઈઓ, જો કોઈ હોય તો, જે કંપનીઓ (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ ("નિયમો") ના નિયમો ૨૦ અને ૨૨ સાથે વાંચવામાં આવે છે, અને કાયદા અને નિયમોની અન્ય લાગુ જોગવાઈઓ અનુસાર, સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૨૦/૨૦૨૦ તારીખ ૫ મે, ૨૦૨૦ અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા અનુગામી પરિપત્રો, જેમાં નવીનતમ પરિપત્ર ૦૯/૨૦૨૪ તારીખ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ (સામૂહિક રીતે "MCA પરિપત્રો" તરીકે ઓળખાય છે), સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("SEBI લિસ્ટિંગ રેગ્યુલેશન્સ") ના રેગ્યુલેશન ૪૪ છે, ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા ("SS-2") દ્વારા જારી કરાયેલ સામાન્ય સભાઓ પર સચિવીય ધોરણ, અને અન્ય લાગુ કાયદાઓ, નિયમો અને નિયમનો (હાલના કોઈપણ કાયદાકીય સુધારા(ઓ) અથવા તેના પુનઃઅધિનિયમ(ઓ) સહિત) પર, ફક્ત ઇલેક્ટ્રોનિક માધ્યમો ("રિમોટ ઈ-વોટિંગ") દ્વારા મતદાન કરીને પોસ્ટલ બેલેટ દ્વારા ખાસ ઠરાવ પસાર કરીને અહીં નિર્ધારિત ખાસ વ્યવસાય ચલાવવા માટે સભ્યોની મંજૂરી માંગવામાં આવી રહી છે.

કંપનીએ ૩૦ મે, ૨૦૨૫ ના રોજ, જે સભ્યોના ઈ-મેલ સરનામાં કંપની/ડિપોઝિટરી સહભાગીઓ સાથે નોંધાયેલા છે તેમને ઈ-મેલ દ્વારા પોસ્ટલ બેલેટ નોટિસ મોકલી છે. MCA પરિપત્રોના પાલનમાં, આ પોસ્ટલ બેલેટ નોટિસ ફક્ત ઇલેક્ટ્રોનિક માધ્યમથી એવા સભ્યોને મોકલવામાં આવી રહી છે જેમના નામ **શુક્રવાર, ૨૩ મે, ૨૦૨૫** ("કટ-ઓફ ડેટ") ના રોજ ડિપોઝિટરીઝ તરફથી પ્રાપ્ત થયેલા સભ્યોના રજિસ્ટર / લાભાર્થી માલિકોના રજિસ્ટર પર દેખાય છે અને જેમનું ઈ-મેલ સરનામું કંપની / રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ / ડિપોઝિટરી સહભાગીઓ / ડિપોઝિટરીઝ સાથે નોંધાયેલ છે. આ પોસ્ટલ બેલેટ માટે સભ્યોને પોસ્ટલ બેલેટ નોટિસની ભૌતિક (ફિઝિકલ) નકલો, પોસ્ટલ બેલેટ ફોર્મ અને પ્રીપેડ બિઝનેસ રિપ્લાય એન્વલપ્સ (પરબીડીયા) મોકલવામાં આવી રહ્યા નથી.

જે સભ્યોએ અત્યાર સુધી તેમના ઈ-મેલ સરનામાં રજીસ્ટર કરાવ્યા નથી તેમને વિનંતી છે કે તેઓ કંપની તરફથી તમામ સંદેશાવ્યવહાર ઇલેક્ટ્રોનિક રીતે પ્રાપ્ત કરવા માટે તેમના ઈ-મેલ સરનામાંને ડીપી/રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ - MUFG ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતા) સાથે રજીસ્ટર કરાવે.

કંપનીએ તેના સભ્યોને રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ, ("CDSL") ની સેવાઓ લીધી છે.

આ સૂચના કંપનીની વેબસાઈટ www.hoec.com, સ્ટોક એક્સચેન્જીસ એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઈટ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર અને CDSL ની વેબસાઈટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે.

ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા કટ-ઓફ તારીખે સભ્યોના રજિસ્ટર / લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં જેનું નામ નોંધાયેલું હોય તે જ વ્યક્તિ ઈ-વોટિંગમાં ભાગ લેવા માટે હકદાર રહેશે. જે વ્યક્તિ કટ-ઓફ તારીખે સભ્ય નથી, તેમણે આ પોસ્ટલ બેલેટ નોટિસને ફક્ત માહિતીના હેતુ માટે ગણવી.

**સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે:**

i) નોટિસમાં દર્શાવેલ વ્યવસાય ફક્ત રિમોટ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા જ હાથ ધરવામાં આવશે;
ii) **રિમોટ ઈ-વોટિંગ રવિવાર, ૧ જુન, ૨૦૨૫ ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે શરૂ થઈ અને સોમવાર, ૩૦ જુન, ૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે સમાપ્ત થશે.**
iii) ૩૦ જુન, ૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા પછી CDSL દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને અક્ષમ (બંધ) કરવામાં આવશે.
iv) સભ્ય દ્વારા ઠરાવ પર મત આપવામાં આવે તે પછી, તેને/તેણીને પછીથી તેમાં બદલાવ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
v) સભ્યોના મતદાન અધિકારો કટ-ઓફ તારીખે કંપનીના ઇક્વિટી શેર મૂડીના ચૂકવેલ મૂલ્યના તેમના હિસ્સાના પ્રમાણમાં રહેશે.

ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા/સૂચનાઓ પોસ્ટલ બેલેટની સૂચનામાં સમાવિષ્ટ છે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મેસર્સ એસ. સંદીપ એન્ડ એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઝ ની રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા પોસ્ટલ બેલેટને ન્યાયી અને પારદર્શક રીતે હાથ ધરવા માટે સ્કુટિનાઈઝર તરીકે નિયુક્ત કર્યા છે.

પોસ્ટલ બેલેટનું પરિણામ, સ્કુટિનાઈઝરના રિપોર્ટ સાથે, કંપનીની વેબસાઈટ www.hoec.com પર પ્રદર્શિત કરવામાં આવશે અને તે સ્ટોક એક્સચેન્જીસ ને, જ્યાં કંપનીના શેર લિસ્ટેડ (સૂચિબદ્ધ) છે, એટલે કે BSE લિમિટેડને www.bseindia.com પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડને www.nseindia.com પર, પોસ્ટલ બેલેટ પૂર્ણ થયાના બે કાર્યકારી દિવસોમાં જાણ કરવામાં આવશે.

સભ્યો દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા પસાર કરાયેલ ઠરાવો એ રીતે પસાર થયા હોવાનું માનવામાં આવશે કે જાણે તે સંદર્ભમાં બોલાવાયેલી સભ્યોની સામાન્ય સભામાં તે પસાર થયા હોય. જો જરૂરી બહુમતીથી ઠરાવો પસાર થાય છે, તો તેને રિમોટ ઈ-વોટિંગની છેલ્લી તારીખ એટલે કે સોમવાર, ૩૦ જુન, ૨૦૨૫ ના રોજ પસાર કરવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે.

જો તમને CDSL ઈ-વોટિંગ સિસ્ટમમાંથી ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો તમે helpdesk.evotingcdslindia.com પર ઈમેઈલ લખી શકો છો અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૧ ૦૯૯૧૧ પર સંપર્ક કરી શકો છો. ઇલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવાની સુવિધા સાથે જોડાયેલી બધી ફરિયાદો શ્રી રાકેશ દલવી, સિનિયર મેનેજર, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ (CDSL), એ વિંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મિલ કમ્પાઉન્ડ્સ, એન એમ જોશી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૧૩ ને સંબોધિત કરી શકો છો.

બોર્ડ ઑફ ડિરેક્ટર્સના આદેશથી
**હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપની લિમિટેડ વતી,**
સહી/-
જી. જોસેફિન ડેઈઝી
કંપની સેક્રેટરી

સ્થળ : ચેન્નાઈ
તારીખ : મે ૩૧, ૨૦૨૫


વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈ પોલીસ વડાનો નિર્ણય

# શાળાઓમાં યોજાતા સ્કૂલ પ્રવાસ દરમિયાન બે ગણવેશધારી પોલીસકર્મીઓ સાથે રહેશે

ગાંધીનગર તા.૩૦

રાજ્યના પોલીસ વડા અને ડીજીપી વિકાસ સહાય દ્વારા એક નવો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ આદેશ મુજબ રાજ્યની શાળાઓના વિદ્યાર્થી પ્રવાસમાં બે ગણવેશધારી પોલીસ કર્મીને સાથે રાખવા ફરજિયાત કરાયા છે. જો પ્રવાસમાં વિદ્યાર્થિનીઓ હોય તો પ્રવાસમાં મહિલા પોલીસ કર્મીને પણ સાથે રાખવાનો નિર્દેશ કરાયો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી ડીજીપી-આઈજીપી કોન્ફરન્સ-૨૦૨૪ દરમિયાન વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃ હ મંત્રી દ્વારા કેટલાક સૂચનો અપાયા હતા. જેના પગલે રાજ્યના પોલીસ વડા ડીજીપી વિકાસ સહાય દ્વારા એક મહત્વનો નિર્ણય જાહેર કરાયો છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના આ આદેશ બાદ હવેથી રાજ્યની તમામ સરકારી, અર્ધસરકારી કે ખાનગી શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓ માટે આયોજિત થતા પ્રવાસ, ટુર, પિકનિક કે મુલાકાત જેવા કાર્યક્રમોમાં બે ગણવેશધારી પોલીસકર્મીની હાજરી ફરજિયાત કરવામાં આવી છે.

જો આ પ્રવાસમાં વિદ્યાર્થિનીઓ સામેલ હોય, તો મહિલા પોલીસ કર્મીઓને પણ સાથે રાખવાનો નિર્દેશ અપાયો છે. આ કામગીરી માટે શાળાના આચાર્યોએ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો પડશે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ મામલે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ને નિર્દેશ કર્યો છે કે, આ નિર્ણયનો તાત્કાલિક અમલ કરવા માટે રાજ્યની તમામ શાળાઓના આચાર્યોને જરૂરી સૂચનાઓ આપવામાં આવે. આ નિર્ણય વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે,

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી

# ગુજરાત સરકારના કર્મચારીઓએ હવે ફાઈવ ડે વીકની માગ ઉઠાવી

ગાંધીનગર તા.૩૦

ગુજરાત સરકારમાં કાર્યરત સરકારી બાબુઓ સરકાર સમક્ષ મોટી માંગણી કરી છે. જેમાં તેમણે સપ્તાહમાં પાંચ દિવસ કામ અને બે દિવસ આરામ એટલે કે પાંચ દિવસનું સપ્તાહ (ફાઈવ ડે વીક) કરવાની માંગણી કરી છે. આ સાથે તેમણે સરકારી કચેરીઓનો સમય વધારીને સવારે ૯-૪૫થી સાંજે ૬-૧૦ કરવાની પણ રજૂઆત ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ સહિતના કર્મચારી મંડળો અને સંઘો દ્વારા કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં વહીવટી સુધારણામાં પરિવર્તન લાવવા માટે સરકારી કચેરીઓનો સમય વહેલો કરવાનું સૂચન સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે હવે તેની સામે રાજ્યના ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ સહિતના વિવિધ સરકારી કર્મચારી મંડળો અને સંઘો દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી છે કે, જો રાજ્ય સરકારે સરકારી કચેરીઓનો સમય વહેલો કરવો હોય તો ભલે કરે. પરંતુ સરકારે કર્મચારીઓને દર અઠવાડિયે એક નહીં, બે રજાઓ આપવી પડશે.

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા એવી પણ રજૂઆત કરાઈ છે કે, ગુજરાત સરકારના કર્મચારીઓને દરેક શનિ-રવિવારની જાહેર રજા જોઈએ છે. કર્મચારી મહામંડળ દ્વારા જણાવાયું છે કે, દુનિયામાં મોટી મોટી કોર્પોરેટ કંપનીઓ જેવી કે, માઈક્રોસોફ્ટ, ગૂગલ, એપલ, એમેઝોન, યુનિલિવર, ડેલોઈટ, એક્સેન્ચર સહિતની કંપનીઓ પોતાના કર્મચારીઓ પાસેથી ગુણવત્તાયુક્ત કાર્ય લેવા માટે અઠવાડિયામાં પાંચ દિવસ કામ કરાવે છે અને શનિ અને રવિવારે રજા આપે છે.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા એવું જણાવાયું છે કે, આ માટે તેઓ સોમવારથી શુક્રવારે રોજ વહેલી સવારે ૯-૪૫ વાગ્યે સરકારી કચેરીમાં આવશે અને સાંજે ૬.૧૦ સુધી કામ કરશે. વિવિધ કર્મચારી મંડળો અને સંઘો દ્વારા એવો દાવો કરાયો છે કે, અન્ય રાજ્યોમાં ૫ દિવસ કામ અને ૨ દિવસ આરામ મળે છે, તો ગુજરાતમાં કેમ ૫ દિવસ કામ અને ૨ દિવસ આરામ કરવાની પદ્ધતિ લાગુ કરવામાં આવતી નથી.રાજ્ય સરકારના કર્મચારીઓએ પણ મોટી મોટી કોર્પોરેટ કંપનીની જેમ પાંચ દિવસ સપ્તાહ ની માંગણી કરી છે. પાંચ દિવસ સપ્તાહ એટલે સોમવારથી શુક્રવાર સુધી કામ કરવાનું અને દરેક શનિ અને રવિવારે રજા. જો કરાય તો સરકારી કર્મીઓ એક મહિનાના ૩૦ દિવસમાંથી ૮ દિવસ રજા પર જ હોય. એટલે કે, જો પાંચ દિવસ સપ્તાહની પ્રણાલી અપનાવવામાં આવે તો ૨ મહિનામાંથી અડધો મહિનો તો માત્ર રજાઓમાં પૂરો થઈ જાય.ગુજરાત સરકારના વહીવટી સુધારણા વિભાગ દ્વારા કચેરી સમયમાં ફેરફાર કરવા સૂચન કર્યું છે.

# દેશમાં ટેક્સ્ટાઈલ ઉત્પાદનોની નિકાસનાં લક્ષ્યાંકની સિદ્ધિ સુરત વગર શક્ય નથી

## દેશમાં કોઇપણ ક્ષેત્રમાં ક્યુસીઓ આવે તે પહેલા દરેક સ્ટેક હોલ્ડર મિનિસ્ટ્રી સાથે ચર્ચા વિચારણા કરવામાં આવશે

સુરત, તા.૩૦

છેલ્લા બે દિવસથી સુરત આવેલા દેશનાં ટેક્સ્ટાઈલ મંત્રાલયનાં સેક્રેટરી નિલમ શમી રાવે આજે સુરતનાં ટેક્સ્ટાઈલ ઉદ્યોગના જુદા જુદા વેલ્યુ ચેઈન સ્ટેક હોલ્ડર સંગઠનોનાં આગેવાનો સાથે એક ઈન્ટરેક્ટીવ મીટિંગ યોજી હતી. મીટિંગમાં સુરતનાં ટેક્સ્ટાઈલ ઉદ્યોગકારોએ કાપડ ઉદ્યોગના જુદા જુદા ઘટકોને સ્પર્શતા મુદ્દાઓ, સમસ્યાઓ, પ્રશ્નો, પોલિસી વિષયક બાબતો વગેરેની રજૂઆતો કરી. બે કલાક સુધી ઉદ્યોગકારોને સાંભળ્યા બાદ ટેક્સ્ટાઈલ સેક્રેટરી નિલમ શમી રાવે જે કહ્યું તેનાથી સુરતનાં ઉદ્યોગકારોને ધરપત થઈ કે એક એવા ટેક્સ્ટાઈલ અધિકારી મળ્યા કે જેણે પ્રશ્નોનાં ઉકેલ માટે પ્રયત્નો કરવા સાથે ટૂંકાગાળા અને લાંબાગાળાનાં ઉકેલનો રોડમેપ બતાવ્યો. નિલમ શમી રાવે સુરતના ટેક્સ્ટાઈલ ઉદ્યોગકારોનાં જોશને આસમાને લઈ જતી એક વાત એ પણ કરી કે દેશમાં ટેક્સ્ટાઈલ ઉત્પાદનોની નિકાસનાં લક્ષ્યાંકની સિદ્ધિ સુરત વગર શક્ય નથી. સુરતનાં ટેક્સ્ટાઈલ ઉદ્યોગકારોએ એક્સપોર્ટમાં




પોતાની ભાગીદારી, સહયોગ સ્વયં વધારવો પડશે અને તેમાં ટેક્સ્ટાઈલ મંત્રાલયનો જ્યાં જોઈએ અને જેવો જોઈએ તેવો સપોર્ટ મળશે.સુરતનાં ટેક્સ્ટાઈલ ઉદ્યોગકારોને સંબોધતા નિલમ શમી રાવે કહ્યું કે સુરત મેન મેડ ફાઈબરની રાજધાની છે. સુરતના ઉદ્યોગકારોએ એ બાબતે સજ્જ થવા માંડવાનું છે કે તેમણે ટેક્સ્ટાઈલ એક્ષપોર્ટમાં મહત્વની ભૂમિકા અને ભાગીદારી અદા કરવાની છે. ભારતની ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીને ૩૦ બિલિયન ડોલરથી ૧૦૦ બિલિયન ડોલર સુધી પહોંચાડવાની ક્ષમતા માત્ર સુરતમાં જ છે. ટેકનિકલ ટેક્સ્ટાઈલ વિશે એન્જિનિયરિંગમાં નવા કોર્સ શરૂ કરવાનાં પ્રયાસો સરકાર કરી રહી છે. આ ઉપરાંત બીજી સ્કીમો વિચારણા હેઠળ છે, સરકાર પીએલઆઈ સ્કીમનાં વિસ્તરણ અંગે પણ વિચારી રહી છે. એક્સપોર્ટ માટે ચેમ્બર ઓફ કોમર્સ જ્યાં જે આયોજન કરશે ત્યાં તેમને અમારું મંત્રાલય સપોર્ટ કરશે. સરસાણા સ્થિત ચેમ્બરનાં સેમિનાર હોલમાં આજે સવારે ટેક્સ્ટાઈલ ઉદ્યોગનાં ૧૦૦ જેટલા અગ્રણીઓ સાથે ટેક્સ્ટાઈલ સચિવ નિલમ શમી રાવની મીટિંગ યોજાઇ હતી. મીટિંગમાં યાર્નથી લઈને ટેક્ષ્ચ્યુરાઈઝર્સ, નીટર્સ, વીવર્સ, પ્રોસેસર્સથી લઈને ગારમેન્ટિંગ અને એક્સપોર્ટ સુધીની વેલ્યુ ચેઈનના અંદાજે ૨૨થી વધુ પ્રશ્નો અને સમસ્યાઓથી ટેક્સ્ટાઈલ મંત્રાલયનાં સચિવને માહિતગાર કરવામાં આવ્યા હતા. સુરતના ટેક્સ્ટાઈલ ઉદ્યોગનાં પ્રશ્નો સંદર્ભે પોતાના પ્રતિસાદમાં ટેક્સ્ટાઈલ સેક્રેટરી નિલમ શમી રાવે પાંચ જુદા જુદા તબક્કાઓમાં સુરતનાં ઉધોગકારોના પ્રશ્નોનાં જવાબો આપ્યા હતા. મશીનરી પર ક્યુસીઓનાં મુદ્દે નિલમ શમી રાવે કહ્યું કે હવે પછી દેશમાં કોઈપણ ક્ષેત્રમાં ક્યુસીઓ આવે તે પહેલા દરેક સ્ટેક હોલ્ડર મિનિસ્ટ્રી સાથે ચર્ચા વિચારણ કરવામાં આવશે, કોઈ એક મંત્રાલયની ભલામણથી આ શક્ય નહીં બને.

### હવે પછી QCO કોઇ એક મંત્રાલયની ભલામણથી નહીં લદાય

પોલીએસ્ટર યાર્ન પર ક્યુસીઓ બાદ હવે ટેક્સ્ટાઈલ મશીનરી પર ક્યુસીઓ અને બીઆઈએસ લાગુ કરવામાં આવી રહ્યા છે, જેને કારણે ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં આધુનિકરણ અટકી ગયું છે અને તેને લંબાવવામાં આવે તેવી રજૂઆત સુરતના અનેક ઉદ્યોગકારો વતી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રેસિડેન્ટ વિજય મેવાવાલાએ પણ કરી. જેના જવાબદમાં ટેક્સ્ટાઈલ સેક્રેટરી નિલમ શમી રાવે જણાવ્યું કે એવું જણાયું છે કે અત્યાર સુધી ક્યુસીઓ કોઈ એક મંત્રાલયનાં કારણે લાગુ થયો અને તેની અસરના કારણે અન્ય મંત્રાલય પર તેની ઘેરી અસર પડી હોય. જેમ કે હેવી ઉદ્યોગોમાં વિદેશોમાંથી સ્ક્રેપ થયેલી મશીનરી ભારતમાં ડમ્પ કરવામાં આવી રહી હતી, આઉટડેટેડ જાહેર થયેલા મશીનો ભારતમાં આયાત કરાતા હતા, ભારતમાં આવા મશીનો માટે કોઈ જગ્યા નથી. આથી હેવી મશીનરી પર ક્યુસીઓ લાદવામાં આવ્યો, પણ તેની અસર ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ પર ઘેરી રીતે થઈ છે. નવી મશીનરી સામે ટેક્સ્ટાઈલ મંત્રાલય કે હેવી ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલયને કોઈ વાંધો ન હોઈ શકે. ટેક્સ્ટાઈલ ઉદ્યોગની નવી મશીનરીની આયાત રૂંધાવી ન જોઈએ, એ મુદ્દા પર ટેક્સ્ટાઈલ મંત્રાલયે હેવી ઉદ્યોગ મંત્રાલયને લાગણી પહોંચાડી દીધી છે અને આ મુદ્દે હાલમાં કેન્દ્ર સરકારમાં ટોપ લેવલ પર વિચારણા ચાલી રહી છે, જેમાં વચગાળાનો રસ્તો મળી શકે તેવી શક્યતા નકારી શકાતી નથી.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પાર્કિંગ કોન્ટ્રાક્ટસ**

હરાજી કેટલોગ નં. - પાર્કિંગ-એડીઆઈ-૩-૨

હરાજીની શરૂઆત (તમામ લોટ્સ) - ૧૩-૦૬-૨૫ ના રોજ ૧૨:૦૦:૦૦

| અનું. નં. | લોટ નં./ કેટેગરી | વિગત | ટ્રીપ્સ/ દિવસો | લોટ સમાપ્તિ તારીખ સમય |
|---|---|---|---|---|
| AA/1 | PARKING-ADI-SBIB-MX-44-25-2 (પાર્કિંગ - મિક્સ્ડ) | (અમદાવાદ ડિવિઝન) માં સાબરમતી રેલવે સ્ટેશન (ધરમનગર બાજુ) સ્થળે ટુ વ્હીલર, થ્રી વ્હીલર અને ફોર વ્હીલર માટે પાર્કિંગ લોટ. | ૩૬૫ | ૧૩-૦૬-૨૫ ૧૨:૩૦:૦૦ |
| AA/2 | PARKING-ADI-SBIB-MX-49-25-1 (પાર્કિંગ - મિક્સ્ડ) | (અમદાવાદ ડિવિઝન) માં સાબરમતી (ધરમનગર બાજુ) સ્થળે ટુ વ્હીલર, થ્રી વ્હીલર અને ફોર વ્હીલર માટે પાર્કિંગ લોટ. | ૧૦૯૬ | ૧૩-૦૬-૨૫ ૧૨:૪૦:૦૦ |
| AA/3 | PARKING-ADI-DHG-MX-19-22-1 (પાર્કિંગ - મિક્સ્ડ) | પશ્ચિમ રેલવેમાં અમદાવાદ ડિવિઝનના ધ્રાંગધ્રા રેલવે સ્ટેશન ખાતે ત્રણ વર્ષોના સમયગાળા માટે ૬૦૦ ચોરસ મીટર્સ માપના પ્લોટમાં પે એન્ડ પાર્કના કામનું વ્યવસ્થાપન કરવાનો કોન્ટ્રાક્ટ. | ૧૦૯૬ | ૧૩-૦૬-૨૫ ૧૨:૫૦:૦૦ |
| AA/4 | PARKING-ADI-MSH-MX-48-25-1 (પાર્કિંગ - મિક્સ્ડ) | (અમદાવાદ ડિવિઝન) માં મહેસાણા રેલવે સ્ટેશન (પશ્ચિમ બાજુ) સ્થળે ટુ વ્હીલર, થ્રી વ્હીલર અને ફોર વ્હીલર માટે પાર્કિંગ લોટ. | ૧૦૯૬ | ૧૩-૦૬-૨૫ ૧૩:૦૦:૦૦ |

સિનીયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે
સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન - પશ્ચિમ રેલવે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૫. ADI-053

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# વીજ કંપનીનાં કડોદરા ડિવિઝનનો નાયબ ઈજનેર ૧૦ હજારની લાંચ લેતા ઝડપાયો

સુરત, તા.૩૦

દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કડોદરામાં આવેલી વિભાગીય કચેરીનાં નાયબ ઈજનેર રવીશકુમારને ૧૦ હજાર રૂપિયા લાંચ લેતા એસીબીએ દબોચી લીધો હતો. નવા વીજ કનેક્શન મંજુર કરવા માટે રવીશ લાંચ લેતો હોવાની ફરિયાદ ઉઠતાં એસીબીએ છટકું ગોઠવ્યું હતું.એન્ટિ કરપ્શન બ્યુરોનાં મદદનીશ નિયામક આર. આર. ચૌધરીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ફરિયાદ મળે એટલે તુરંત છટકું ગોઠવી કાર્યવાહી કરાય છે. જો કે, કેટલાક કિસ્સાઓમાં ફરજમાં આવતાં કામ કરી આપવા માટે લાંચ માંગતા અધિકારી, કર્મચારીઓએ એવું નેટવર્ક ગોઠવ્યું હોય છે કે તેમની સામે સીધી ફરિયાદ આવતી નથી.


DICABS | ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ

**31મી માર્ચ, 2025ના રોજ પૂરા થયેલાં ત્રિમાસિક અને વર્ષાંત માટે ઓડિટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો ઉતારો**

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) નિયમન, 2015 ("લિસ્ટિંગ રેગ્યુલેશન્સ")ના નિયમન 33 સાથે અભિમુખતામાં ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ટર લિમિટેડ ("કંપની") દ્વારા શુક્રવાર, મે 30, 2025ના રોજ તેમની બેઠકમાં 31મી માર્ચ, 2025ના પૂરા થયેલા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ માટે ઓડિટેડ નાણાકીય પરિણામો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) ("પરિણામો") મંજૂર કર્યાં છે.

આ પરિણામો સાથે કંપનીના કાનૂની ઓડિટર્સ મેસર્સ નરેશ એન્ડ કં. ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ દ્વારા ઓડિટર્સ અહેવાલ (સ્ટેન્ટઅલોન અને કોન્સોલિડેટેડ) કંપનીની વેબસાઈટhttps://dicabs.com/investor/quarterly-results/ અને શેરબજારોની વેબસાઈટો, એટલે કે, અનુક્રમ www.nseindia.com અને www.bseindia.com પર ઉપલબ્ધ છે.

લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમન 47 સાથે અભિમુખતામાં અમે અત્રે સૂચિત કરવા માગીએ છીએ કે તે નિમ્નલિખિત ક્વિક રિસ્પોન્સ (ક્યુઆર) કોડ સ્કેન કરીને પણ પહોંચ મેળવી શકાશે:

ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ વતી
સહી/–
મહેશ્વર સાહુ
ચેરમેન અને સ્વતંત્ર ડાયરેક્ટર
DIN: 00034051

અમદાવાદ,
તારીખ: 30 મે, 2025

નોંધણીકૃત કાર્યાલય: ફેઝ II, ગામ વડાદલા, તાલુકો- સાવલી, વડોદરા-૩૯૧૫૨૦
ઈમેઈલ: cs@dicabs.com | www.dicabs.com | CIN: L31300GJ1992PLC018198



केनरा बैंक Canara Bank | सिंडिकेट Syndicate

કેનેરા બેંક - અંકલેશ્વર ગાર્ડન સિટી શાખા
કેનેરા બેંક (સિન્ડિકેટ બેંક પૂર્વે),
૩એ, ગ્રાઉન્ડ ફ્લોર, ગોધાણી આર્કેડ, જીઆઈડીસી ૫૦૦ ક્વાર્ટર્સ પાછળ, ગાર્ડન સિટી, અંકલેશ્વર, ગુજરાત.

**ડિમાન્ડ નોટીસ**

**વિષય: સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસ્ટેટ એન્ડ એન્ફોસમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ**

કરજદારોએ અમારી બેંક પાસેથી સમયાંતરે નીચેની લોન/કેડિટ સુવિધાઓનો લાભ લીધો છે:

| શાખા અને કરજદાર નું નામ - સરનામું | ગીરવે મુકેલ મિલકતનું વર્ણન | ડીમાન્ડ નોટીસ તારીખ | લોનની રકમ | કુલ બાકી લ્હેણાની રકમ |
|---|---|---|---|---|
| **અંકલેશ્વર ગાર્ડન સિટી શાખા** રાકેશ ગયાપ્રસાદ વર્મા (કરજદાર અને મોર્ટગેજર) કાજલ (સહ કરજદાર અને મોર્ટગેજર) ૧૩ ગજાનંદ સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત-૩૯૩૦૦૧ | ઈએમટી ના તમામ ભાગ અને હિસ્સો રહેણાંક ઘર/બિન ખેતીલાયક પ્લોટ ની જમીન મોજે જીતાલી શાખા આર.એસ. નં. ૩૮૦, પૈકી ૧ નવા મહેસૂલ સર્વે નં. ૪૯૦ ની જાહેરાત પછી ક્રમ નં. ૩૮૦ પૈકી ૨ નવા મહેસૂલ સર્વે નં. ૪૮૯ પાકી જાહેર થયા પછી 'ડિ૮' ટાઈપ પ્લોટ ડિ૮-૧૧૧ (મંજુરી યોજના પ્લોટ નં. એ-૪૭ મુજબ) 'ગાર્ડન સિટી' તરીકે ઓળખાય છે ક્ષેત્રફળ ૧૪૪૬.૬૭ ચોરસ ફુટ/૧૩૪.૪૦ ચોરસ મીટર બિલ્ટઅપ એરીયા ૯૪૭.૭૬ ચોરસ ફુટ તે સબ જીલ્લો અંકલેશ્વર, જીલ્લો-ભરૂચ. (સીક્યુરીટી આઈડિ-૪૦૦૦૭૮૨૪૯૮૯૧). ચતુર્સીમાઃ (પ્લેસ મુજબ): ઉત્તરઃ પ્લોટ ડિ૮-૧૧૨, દક્ષિણઃ બ્લોક/સર્વે નં. ૪૯૧, પૂર્વઃ સોસાયટી રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. ડિ૮-૧૧૦. અને (પ્લાન મુજબ) ઉત્તરઃ પ્લોટ નં. એ-૪૮, દક્ષિણઃ બ્લોક/સર્વે નં. ૪૯૧, પૂર્વઃ સોસાયટી રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. એ-૭૪. | ૨૬.૦૫.૨૦૨૫ એનપીએ તારીખ ૨૩.૦૫.૨૦૨૫ | Loan No 160002201882 Housing Loan રૂા. 30,00,000.00 મંજુર થયેલ તારીખ ૨૦.૦૨.૨૦૨૪ વ્યાજનો દર 10.30% (પ્લસ ૨% પેલેન્ટીના સમાવેશ સાથે) | પ્રિન્સીપાલ રૂા. ૨૯,૫૭,૧૮૬.૦૦ વ્યાજ અને અન્ય ચાર્જીસ રૂા. ૮૪,૪૮૮/- કુલ બાકી રૂા. ૩૦,૪૧,૬૭૪.૦૦ |

ઉપરોક્ત લોન/કેડિટ સવલતો અહીં આપેલા શેડ્યૂલમાં વધુ વિશિષ્ટ રીતે વર્ણવેલ અસ્કયામતોના મોર્ટગેજર દ્વારા, તમારા દ્વારા અમારી તરફેણમાં અમલમાં મૂકાયેલા સંબંધિત દસ્તાવેજોના આધારે યોગ્ય રીતે સુરક્ષિત છે. તમે નિર્ધારિત નિયમો અને શરતો અનુસાર તમારી જવાબદારીઓનું નિકાલ કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, બેંકે ઉપર મુજબ દેવું એનપીએ તરીકે વર્ગીકૃત કર્યું છે.

આથી, અમે તમને વિષય અધિનિયમની કલમ ૧૩(૨) હેઠળ આ નોટિસ જારી કરીએ છીએ અને તમને ઉપરોક્ત **રકમ** ની સમગ્ર જવાબદારી ઉપાર્જિત અને અપ-ટુ-ડેટ વ્યાજ અને અન્ય ખર્ચાઓ સાથે, તારીખથી સાઠ દિવસની અંદર ડિસ્ચાર્જ કરવા માટે આહ્વાન કરીએ છીએ. નોટિસ, જેમાં નિષ્ફળ થવા પર અમે વિષય અધિનિયમની કલમ ૧૩(૪) હેઠળના તમામ અથવા કોઈપણ અધિકારોનો ઉપયોગ કરીશું.

વધુમાં, તમે અમારી પૂર્વ સંમતિ વિના, કોઈપણ રીતે, શેડ્યૂલમાં ઉલ્લેખિત કોઈપણ સુરક્ષિત સંપત્તિઓ સાથે વ્યવહાર કરવા માટે આથી પ્રતિબંધિત છો. આ વિષય અધિનિયમ અને/અથવા અમલમાં રહેલા અન્ય કોઈપણ કાયદા હેઠળ અમને ઉપલબ્ધ કોઈપણ અન્ય અધિકારો માટે પૂર્વગ્રહ વિના છે.

સિક્યોર્ડ મિલકત છોડાવવા ઉપલબ્ધ સમય બાબતે ઉક્ત એક્ટના સેકશન ૧૩ ના સબ-સેકશન (૮)ની જોગવાઇ તરફ તમારૂ ધ્યાન દોરવામાં આવે છે.

બ્રાન્ચના રેકોર્ડમાં ઉપલબ્ધ તમારા છેલ્લા જાણીતા સરનામાને કારણે રજિસ્ટર્ડ પોસ્ટ Ack દ્વારા તમને ડિમાન્ડ નોટિસ પણ આપવામાં આવી હતી.

તા.:૩૧.૦૫.૨૦૨૫- સ્થળ: અંકલેશ્વર | નોંધ: વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. | અધિકૃત અધિકારી - કેનેરા બેંક